પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૬૬ | ૮ ડિસેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે જનાદેશ : રાજ્યભરમાં મતગણતરી

**રાજ્યના ૩૭ કેન્દ્રો પર સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થશે : ચૂંટણીપંચ દ્વારા પરિણામને લઈને તમામ પ્રક્રિયા પૂર્ણ : પોલીસ-સીઆરપીએફના બંદોબસ્ત હેઠળ સિસિટીવી કેમેરાની નજર હેઠળ મત ગણતરીની પક્રિયા શરૂ કરાશે**

અમદાવાદ, તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયું છે. હવે આવતીકાલે પરિણામ જાહેર થશે. ચૂંટણીપંચ દ્વારા પરિણામને લઈને તમામ પ્રકારની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. સવારે આઠ વાગ્યાથી જ રાજ્યના ૩૭ કેન્દ્રો પર મતગણતરી શરુ થશે. સૌ પ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી કરાશે. ત્યાર બાદ સાડા આઠ વાગ્યાથી પોસ્ટલ બેલેટની સાથે ઈવીએમના મતોની ગણતરી શરૂ થશે. એમ ચૂંટણી અધિકારી પી. ભારતીએ મીડિયાને જણાવ્યું હતું.

ગુજરાત કોલેજ એલડી એન્જીયરિંગ અને પોલિટેક્નિકમાં ૨૧ બેઠકોના ૨૪૯ જેટલા અલગ અલગ પાર્ટીના ઉમેદવારોના રાજકિય ભવિષ્ય નો કાલે ફેંસલો આવી જશે કાલે સવારે ૭ વાગ્યા થી આ ત્રણ જગ્યાએ મતગણતરી હાથ ધરવામાં આવશે પોલીસ અને સીઆરપીએફ ના જવાનો ની હાજરી અને ચુસ્ત બંદોબસ્ત માં સિસિટીવી કેમેરાની નિગરાની માં મત ગણતરીની પક્રિયા શરૂ કરવામાં આવશે પહેલી ૩૦



મિનિટ્સ વિવિપેટના મતોની ગણતરી શરૂ કરવામાં આવશે અને ત્યાંરબાદ ઈવીએમ મશીનના મતોને ગણવાનું કામ શરૂ કરવામાં આવનાર છે.

અમદાવાદ જિલ્લા કલેકટર ધવલ પટેલના જણાવ્યા મુજબ સવારે મીડિયાના કર્મચારી સહિત અન્ય લોકોને કવરેજ માટે પ્રવેશ આપવામાં આવશે જ્યાં સ્ટ્રોગ રૂમ છે તેની બહારથી જ કવરેજ કરવાની પરવાનગી આપવામાં આવશે અને કોઈપણ વ્યક્તિ કે પાર્ટીના કાર્યકરને સ્ટ્રોંગ રૂમમાં પ્રવેશ અપાવાની મનાઈ ફરવામાં આવી છે. સુરતમાં મતગણતરીની તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. સુરત જિલ્લાની ૧૬ વિધાનસભા બેઠકોની મતગણતરી સુરત શહેરમાં થનાર છે.

સુરતની ગાંધી કોલેજ પર ૧૦ વિધાનસભા બેઠકોની મતગણતરી કરવામાં આવશે, જ્યારે એસવીએનઆઈટી કોલેજ પર ૬ વિધાનસભા બેઠકોની મતગણતરી કરવામાં આવશે. બંને સ્થળો પર મતગણતરી માટે ખાસ તૈયારી કરવામાં આવી છે.

# રેપો રેટ વધ્યા : લોન મોંઘી થશે

**આરબીઆઈએ રેપો રેટમાં ૦.૩૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો, નવો રેપો રેટ વધીને ૬.૨૫ ટકા થઇ જશે : રેપો રેટ વધતાં દરેક પ્રકારની લોન મોંઘી થશે : મોંઘવારીના મારમાં પડ્યા પર પાટું**

નવી દિલ્હી, તા.૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આજે સતત પાંચમી વખત રેપો રેટમાં વધારો કર્યો છે. આરબીઆઈએ રેપો રેટમાં ૦.૩૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

આ નિણર્યની સાથે જ હવે દરેક પ્રકારની લોન મોંઘી થઈ જશે. આરબીઆઈના અનુસાર નવો



રેપો રેટ વધીને ૬.૨૫ ટકા થઈ જશે જે પહેલા ૫.૯૦ ટકા જેટલો હતો. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે આજે નવા રેપો રેટની જાહેરાત કરી છે.

રેપો રેટમાં વધારાની આગાહી પહેલાથી જ કરવામાં આવી રહી હતી. આ અગાઉ પણ ઘણા નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી હતી કે ફુગાવામાં રાહત હોવા છતાં કેન્દ્રીય બેંક પોલિસી રેટમાં ૨૫-૩૫ બેસિસ પોઈન્ટનો વધારો કરી શકે છે. નોંધપાત્ર વાત એ છે કે દેશમાં મોંઘવારી લાંબા સમયથી ઊંચા સ્તરે રહી હતી, પરંતુ ગયા ઓક્ટોબરમાં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો.

રિપોર્ટ અનુસાર જણાવ્યું છે કે, અગાઉ યોજાયેલી MPCની

● અનુસંધાન પાન-૭ પર

# સરહદ પર શાંતિ જાળવવા શિંદે-બોમ્માઈ સહમત થયા

**કર્ણાટક-મહારાષ્ટ્રના લોકો વચ્ચે સદભાવનો દાવો : કર્ણાટકનું સરહદના સંબંધે વલણમાં કોઈ ફેરફાર થયો નથી, સુપ્રીમમાં કાનૂની લડાઈ લડવામાં આવશેઃ બોમ્માઈ**

બેંગલુરુ, તા.૭

કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ ગઈકાલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. બંને મુખ્યમંત્રીઓ સહમત થયા કે, સરહદી વિસ્તારોમાં શાંતિ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. જ્યારે સીએમ બોમ્માઈએ કહ્યું કે, સરહદ મુદ્દે તેમના વલણમાં કોઈ ફેરફાર નથી થયો. કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ એક ટ્વીટમાં કહ્યું કે 'અમે બંને સહમત છીએ કે બંને રાજ્યોમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવી જોઈએ. તેમણે કહ્યું કે, કર્ણાટક અને મહારાષ્ટ્રના લોકો વચ્ચે સદ્ભાવ છે.

● અનુસંધાન પાન-૭ પર

# વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મીરાબાઈ ચાનુને સિલ્વર મેડલ

**વેઈટલિફ્ટરે પેરિસ ઓલિમ્પિક માટેની દાવેદારી મજબૂત કરી : મીરાબાઈ ચાનુએ સ્નેચમાં ૮૭ કિલોગ્રામ અને ક્લીન એન્ડ જર્કમાં ૧૧૩ કિલોગ્રામનું વજન ઊંચક્યું**

નવી દિલ્હી, તા.૭

ઓલિમ્પિક મેડાલિસ્ટ મીરાબાઈ ચાનુએ પેરિસ ઓલિમ્પિક્સ માટે પોતાની મજબૂત દાવેદારી નોંધાવી દીધી છે. મંગળવારે તેમણે વર્લ્ડ



ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો. તેમણે ૨૦૦ કિલોગ્રામ વજન ઊંચક્યું.

મીરાબાઈ છેલ્લા ઘણા સમયથી કાંડાની ઈજાના કારણે સંઘર્ષ કરી રહ્યા હતા પરંતુ તેમ છતાં તેઓ મેડલ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા. તેમણે સ્નેચમાં ૮૭ કિલોગ્રામ અને ક્લીન એન્ડ જર્કમાં ૧૧૩ કિલોગ્રામનો વજન ઊંચક્યો.

વર્લ્ડ ચેમ્પિયન ચાનુ કોમનવેલ્થ ગેમ્સમાં પોતાનો ત્રીજો મેડલ અને બીજો ગોલ્ડ મેડલ જીત્યા બાદ પહેલીવાર કોઈ ઈવેન્ટમાં ઉતર્યા હતા. તેમને કાંડામાં ઈજા થઈ હોવાના કારણે તેઓ અમુક સમય માટે રમતમાંથી દૂર થઈ ગયા હતા. જોકે હવે તેમણે દમદાર વાપસી કરી છે.

મીરાબાઈની આ વેઈટ કેટેગરીમાં ઘણા દિગ્ગજ ખેલાડી હાજર હતા પરંતુ તેમ છતાં તેઓ મેડલ જીતવામાં સફળ રહ્યા. ઈવેન્ટનો ગોલ્ડ મેડલ ચીનની જિયાંગ હુઈ હુઆના નામે રહ્યો. જેમણે કુલ ૨૦૬ કિલોગ્રામ કુલ વજન ઉઠાવ્યો અને ઓલિમ્પિક ચેમ્પિયન હુ જહીજહુઈએ ૧૯૮ કિલોગ્રામ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો અને મીરાબાઈ કરતા પાછળ રહી ગયા.

# દિલ્હી એમસીડી પર 'આપ'નો કબજો

**ભાજપના ૧૫ વર્ષના શાસન પર આપે ઝાડુ ફેરવ્યું, દિલ્હી એમસીડી પર કબજો : ગુજરાત-હિમાચલના પરિણામ પૂર્વે ભાજપને જોરદાર આંચકો : દિલ્હીમાં આપે ૨૫૦માંથી ૧૩૪ બેઠકો પર વિજય મેળવીને સત્તા હાંસલ કરી છે જ્યારે ભાજપે ૧૦૪ અને કોંગ્રેસ ૯ બેઠક પર વિજય મેળવ્યો**





નવી દિલ્હી, તા.૭

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટી જીત જોવા મળી રહી છે. ભાજપનો સફાયો કરીને બહુમતી સાથે આપ શાસનમાં આવ્યું છે. દિલ્હીની રાજ્ય સરકાર બાદ હવે એમસીડીની સરકાર પણ કેજરીવાલના હાથમાં આવી ગઈ છે.

અત્યાર સુધીના વલણો અને પરિણામોમાં આમ આદમી પાર્ટીએ ૨૫૦ વોર્ડવાળી દિલ્હી એમસીડીમાં નિર્ણાયક લીડ મેળવી છે. એમસીડીમાં ૧૫ વર્ષ સુધી ભાજપનો કબજો હતો ત્યારે આ વખતે આપના વાવાઝોડાએ ભાજપનો સફાયો કરી દીધો છે. આપે ૨૫૦માંથી ૧૩૪ બેઠકો પર વિજય મેળવીને સત્તા હાંસલ કરી છે જ્યારે ભાજપે ૧૦૪ અને કોંગ્રેસ ૯ બેઠક પર વિજય મેળવ્યો છે. સત્તા માટે ૧૨૬ બેઠકો જરૂરી હતી.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન આ ચૂંટણી ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. વોર્ડ મુજબ ચૂંટણી પરિણામો પર ઝીણવટપૂર્વક નજર કરીએ તો ભાજપ માટે ખૂબ જ ચિંતાનો વિષય છે. આ ચૂંટણીમાં ભાજપ દિલ્હીના તે વિસ્તારોમાં પાછળ છે જ્યાં તેની સારી પકડ માનવામાં આવતી હતી. ત્યારે અત્યાર સુધી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં શીખ મતદારોનું વલણ ભાજપની તરફેણમાં રહ્યું છે પરંતુ આ વખતે આવુ જોવા નથી મળ્યું. પશ્ચિમ દિલ્હીના ઘણા વોર્ડમાં ભાજપ પાછળ છે ત્યા પણ શીખ મતદારોનું વલણ મહત્વની ભૂમિકા ભજવે છે.

અહી તિલકનગરમાં પણ આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે. તિલક નગરમાં શીખ મતદારોની સંખ્યા ઘણી વધારે છે. આમ આદમી પાર્ટીના અશોક કુમાર મનુ તિલક નગર વોર્ડ નંબર ૧૦૧થી જીત્યા છે.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં તિલક નગર અને હરિ નગર, જનકપુરી, વિકાસપુરી ઉપરાંત આ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી ઘણા વોર્ડમાં જીત હાંસલ કરી લીધી છે.

# દક્ષિણ ભારતના અનેક ભાગમાં હવામાન વિભાગનું રેડ એલર્ટ

**ઉત્તર ભારતમાં ઠંડીના પ્રકોપ વચ્ચે તોફાન-વરસાદનો ખતરો : જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી**

નવી દિલ્હી, તા.૭

એક તરફ ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ વધી રહ્યો છે તો બીજી તરફ દક્ષિણ ભારતમાં ચક્રવાતી તોફાન અને ભારે વરસાદનો ખતરો છે. દિલ્હી-એનસીઆરથી લઈને યુપી-બિહાર અને રાજસ્થાનથી લઈને હરિયાણા-હિમાચલ પ્રદેશ સુધી તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને શિયાળાની મોસમ વધી રહી છે. તે જ સમયે, તમિલનાડુ સહિત દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગે તમિલનાડુ સહિત દક્ષિણ ભારતના ઘણા ભાગોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે અને માનવામાં આવે છે કે ચક્રવાતી તોફાન આજે તમિલનાડુ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકશે.

તે જ સમયે, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી છે. ઘણા ભાગોમાં ગાઢ ધુમ્મસ છવાઈ જવા લાગ્યું છે.

તમિલનાડુમાં વરસાદ ફરી એકવાર તબાહી મચાવવા માટે તૈયાર છે. ચક્રવાતી તોફાન 'મંડુસ'નો ખતરો વધી રહ્યો છે અને એવું માનવામાં આવે છે કે ફરી એકવાર હવામાનની પેટર્ન બગડશે અને તમિલનાડુમાં ભારે વરસાદ પડશે. હવામાન વિભાગે તમિલનાડુના ૧૩ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં લો પ્રેશરની રચનાને પગલે ભારે વરસાદની આગાહી કરી છે. તે જ સમયે, ઓછા દબાણનો વિસ્તાર ચક્રવાતી તોફાન 'મંડુસ'માં ફેરવાઈ શકે છે. આ દરમિયાન ભારે વરસાદની સાથે ભારે પવન પણ ફૂંકાશે. હવામાન વિભાગે તમિલનાડુના વિલ્લુપુરમ, ચેંગલપટ્ટુ, કુડ્ડાલોર, કાંચીપુરમ, તિરુવલ્લુર, અરિયાલુર, પેરમ્બલુર, ચેન્નાઈ, કલ્લાકુરિચી, માયલાદુથુરાઈ, તંજાવુર, તિરુવરુર અને નાગાપટ્ટિનમ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. એનડીઆરએફની છ ટીમો એટલે કે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ તમિલનાડુના કેટલાક ભાગોમાં રાજ્યમાં વરસાદ માટે રેડ એલર્ટ વચ્ચે તૈનાત કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુસાર, આજે તમિલનાડુ સિવાય આંધ્રપ્રદેશ, પુડુચેરી, કરાઈકલ અને દક્ષિણ ભારતના અન્ય ભાગોમાં વરસાદની સંભાવના છે.

# ખેડૂતોને રાહત, ખાતર સબસિડી ૨.૫ લાખ કરોડ રહેવાની અપેક્ષા

**ખાતરના ભાવમાં સતત નરમાઈની અસર વૈશ્વિક બજારમાં જોવા મળી રહી છે : સબસિડીમાં વધારો થવાથી ખેડૂતોને વધેલી કિંમતોમાંથી રાહત મળશે અને તેઓ વૈશ્વિક બજારમાં ખાતર અને કાચા માલની વધેલી કિંમતોના દબાણનો સામનો નહીં કરે**

નવી દિલ્હી,તા.૭

ભારતીય ખેડૂતો માટે ઉપલબ્ધ ખાતર સબસિડી અંગે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ખાતર પર સબસિડીનો વ્યાપ વધારવા જઈ રહી છે. આ વર્ષે આ સબસિડી રૂ. ૨.૩ થી વધારીને ૨.૫ લાખ કરોડ થવાની ધારણા છે. તે જ સમયે, આગામી નાણાકીય વર્ષમાં ૨૫ ટકાનો મોટો ઘટાડો થઈ શકે છે. ફર્ટિલાઈઝર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ આ સંદર્ભમાં કેટલાક આંકડા રજૂ કર્યા છે. તેમાં જણાવવામાં આવી રહ્યું છે કે ભારતના ખેડૂતોને ખાતર પરની સબસિડી કેટલી વધારી શકાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફર્ટિલાઈઝર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાનું કહેવું છે કે ૨૦૨૩-૨૪માં વૈશ્વિક બજારમાં ખાતરની કિંમતોમાં નરમાઈને કારણે સરકારની સબસિડીમાં ઘટાડો થઈ શકે છે. હ્લછૈંએ જણાવ્યું હતું કે સરકારની સબસિડી હોવા છતાં ઉદ્યોગોને ખૂબ જ ઓછું માર્જિન મળી રહ્યું છે. આ સાથે વૈશ્વિક બજારમાં કિંમતોમાં વધારાને કારણે સ્થાનિક બજારમાં ખાતરના છૂટક ભાવ પર દબાણ વધી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

રોયલ બંગલો ભાડે / વેચાણ
7B 2H 2KSs સાથે
પર્સનલ લીફ્ટ,
૪ સાઈડ ઓપન,
ગ્રાઉન્ડ + બે માળ, કુડાસણ
સંપર્ક : ૯૬૩૮૧૪૫૧૪૫

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!
zydus Hospitals Cancer Centre
10 ડિસેમ્બર, શનિવારના રોજ
ડૉ. સુપ્રીત ભટ્ટ
MS, M.Ch
મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત
● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
● 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર
દર મહિનાના બીજા અને ચોથા શનિવારે
કેન્સરની સારવારઃ ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.